C.C.NO.25472-2020

# આંક – ૧ હેઠળ હુકમ

આ કામના આરોપી/ઓ વિરુધ્ધ ત.ક.અધિકારીએ તપાસના અંતે ઈ.પી.કોડ કલમ–૧૮૮, ૨૬૯ તથા જી.પી.એકટ કલમ–૭૦ મુજબના ગુના સબબની ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપી/ઓને સમન્સ કાઢતા, તે સમન્સ તેઓને બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપી/ઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, આરોપી/ઓએ તે પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ, આરોપી ની ક્રિ.પ્રો. કોડ ની કલમ–૨૫૧ અન્વયે પ્લી નોંધતા તેણે સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. તેણે અલગથી ગુનો કબુલ કરતી કબુલાત કરતી પોતાની સહી કરી પુરસીસ પણ રજુ કરેલ છે.

આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઈ તે નોંધી પરંતુ, આરોપી/ઓ ની સદરહું કબુલાત તેમના વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપી/ઓ ને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આરોપી/ઓએ પોતાને કોઈ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનું જણાવેલ છે. તેમજ તેઓ ગરીબ વર્ગના બાળ બચ્ચાવાળા માણસો છે તેથી તેઓની ઉપર રહેમ રાખવા અરજ કરેલ છે. તથા કોવીડ–૧૯ ના સં જોગો ધ્યાને લઈ ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઇ, આરોપીની આ કબુલાત સ્વીકારવામાં આવે છે અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. પરંતુ, આરોપી/ઓ ની કબુલાત તેમજ કેસની હકીકતોને તથા સંજોગોને ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ નટવરચંદ્ર ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતો ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આરોપી/ઓ ને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી ઈ.પી.કોડ કલમ–૧૮૮, ૨૬૯ તથા જી.પી.એકટ કલમ–૭૦ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂ.૧૦૦/– એમ કુલ રૂા.૧૦૦ ×૨ = રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા) ના દંડની સજા ફરમાવું છું અને જો આરોપી દંડ ના ભરે તો આરોપીએ દિન–૦૭ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તા.૧૦, માહે–જુલાઈ, સને–૨૦૨૧ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૦–૦૭–૨૦૨૧
વડોદરા.

**( પરવેઝહુસેન સાબીરહુસેન સિન્ધી )**
***જયુડી. મેજી. ફ.ક.,બીજી કોર્ટ,***
**વડોદરા.**
*કોડ નં. જી. જે. ૦૦૯૮૨*